વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ મે-જૂન, ૨૦૨૩
01 May-June 2023

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી-ડૉ. પ્રભુદાસ આઇ પટેલ
Editor-Dr. Prabhudas I Patel

**શ્રી ઉમિયા નવશક્તિધામ, રીચમોન્ડ – કંટકી USA માટે 'ઉમાસૃષ્ટિ'નો સ્પેશિયલ અંક**




|| उमियाशक्तिधामस्थे प्राणस्थापनके महे ।
उमियानुग्रहेणैव नो भूयात् शं सदा भुवि ॥ ||

શ્રી ઉમિયા નવશક્તિધામ (કંટકી) ખાતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે
મા ઉમિયાની કૃપાથી સર્વનું કલ્યાણ થાઓ.

## નવી દિશા... નવા વિચાર...








# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

## જય સહકાર... જય કિસાન...

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

| વિષ્ણુભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
|---|---|---|
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડીરેક્ટર ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા



Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701
hello@mayflowerhospital.com
+91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

**Special NRI Season Offer**
1st Dec. 2022 to 15th Jan. 2023

CELEBRATING 40 YEARS | **GAJANAND®** RETAIL

# દેશની યાદગીરી,
# ગજાનંદ મસાલા વગર અધૂરી




**₹2501/- ની ખરીદી ઉપર 10 ગ્રામ ચાંદીનો સિક્કો**

**₹4501/- ની ખરીદી ઉપર 20 ગ્રામ ચાંદીનો સિક્કો**

## 100+ પ્રોડક્ટ રેન્જ

- કુમઠીલાલ કાશ્મીરી મરચું
- રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
- પ્રીમિયમ મરચું
- તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
- કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉવ)
- પ્રીમિયમ હળદર પાવડર
- પ્રીમિયમ ધાણાજીરું પાવડર
- પ્રીમિયમ ધાણા પાવડર
- સોર્ટેક્સ કલીન આખા મસાલા
- તેજાના
- આચાર મસાલા
- કાબુલી સ્ટ્રોંગ હીંગ
- ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
- ઇન્સ્ટન્ટ મિક્સ
- આસામની પ્રીમિયમ ચા
- ફરાળી પ્રોડક્ટ્સ
- મુખવાસ
- નેચરલ સીડ્સ
- પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
- પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
- કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...

**એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ**

રન્નાપર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઇટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111

**આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ**

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ    એક વૈશ્વિક વિચારધારા

**મે ૧, ૨૦૨૩**
**વર્ષ:** ૦૧ **અંક:** ૦૫
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**May 1, 2023**
**Year :** 1 **Ank :** 5
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ  પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai  Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Utpal Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Ashok Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $



**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222



**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમ



## કવર સ્ટોરી-૩૦

### એક નીડર મહિલા લીડર બન્યાં!

અનેક સદ્‌ગુણો ભેગા મળે ત્યારે એક ચારિત્ર્યનું નિર્માણ થતું હોય છે. શિક્ષક કભી સાધારણ નહીં હોતા એ ચાણક્યની ઉક્તિ જેમણે સાર્થક કરી તે ગુણવંતી ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને અત્યારે ભારતના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશનાં મહામહિમ ગવર્નર શ્રીમતી આનંદીબહેન પટેલ સાથે ‘ઉમા સૃષ્ટિ’ના ‘બહુરત્ના વસુંધરા’ વિભાગ માટે રૂબરૂ મુલાકાતના કેટલાક અંશો


૨૦ પ્રાર્થના
૨૧ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
૨૨ શ્રી ઉમિયા નવશક્તિધામ રીચમોન્ડ - કંટકી
૨૪ શ્રી ઉમિયા નવશક્તિધામ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવકુંડી યજ્ઞ
૨૭ અવતરણ
૨૮ અવતરણ
૨૯ વિશ્વ ઉમિયાધામ સંચાલિત મા ઉમિયાના દિવ્ય રથનું પરિભ્રમણ





૩૩ મેકન મંદિર - ઇતિહાસ





૩૪ મેકન મંદિર જ્યોર્જિયા, હોદ્દેદારશ્રીઓ-૨૦૨૨-૨૩
૩૫ ઉમિયાધામ - એડિસન - ન્યૂ જર્સી





૩૬ ઉમિયાધામ -એડિસન, ન્યૂ જર્સી, હોદ્દેદારશ્રીઓ-૨૦૨૨-૨૩
૩૭ Umiya Mataji Sanstha Chicago midwest
૩૮ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન -બોસ્ટન ચેપ્ટર કમિટી
૩૯ With Best Compliments Nav Shaktidham Richmand Kentucky
૪૨ સંગઠન શક્તિ - વિકાસનું બ્રહ્માસ્ત્ર





૪૩ પરાક્રમી પાટીદારો
૪૪ અમેરિકામાં વસતા પાટીદારોએ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે
૪૬ અમેરિકામાં પાટીદારોનો પ્રવેશ
૪૯ સંસ્થાના હોદ્દેદારશ્રીઓ
૫૦ VUF - USA - CO-ORDINATORS
૫૧ ગૌરવવંતા દાતાશ્રી - યુ.એસ.એ.
૫૫ પ્રવૃત્તિઓ



**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar. **Editor** - Dr. Prabhudas I. Patel

# તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




**મા ઉમિયાનું ધ્યાન ધરી લે,**
**દિલનો હળવો ભાર કરી લે,**
**જીવન ધર તું માને ચરણે**
**ભવસાગર તું પાર કરી લે.**

પ્રિય વાચક મિત્રો,
જય ઉમિયા...
આ સ્પેશિયલ અંક મે-જૂન, ૨૦૨૩ (સંયુક્ત અંક) સમજવો. હવે પછીનો અંક ૧ જુલાઈ, ૨૦૨૩નો પ્રકાશિત થશે તેની નોંધ લેવા વિનંતી છે.
ધન્યવાદ. આભાર.
- તંત્રી

# પાટીદાર અસ્મિતા માટે આરાધના

**'શ્રી ઉમિયા નવશક્તિધામ', રીચમોન્ડ - કંટકી (યુએસએ)**

હે ઉમાવંશીઓ!

ગઈ કાલે તમારા ગામના પાદરની ધૂળ હતી તમારા પગમાં... અને આજે હજારો કિલોમીટર દૂર દરિયાપાર અમેરિકા ખાતે Patel Power in America **સાંભળું છું - જોઉં છું અને અનુભવું છું ત્યારે તમને સૌને ભાવથી હૃદયની એક સલામ!**

રીચમોન્ડ - કંટકી ખાતે 'શ્રી ઉમિયા નવશક્તિધામ' પરિસરમાં મા ઉમિયાના નૂતન મંદિર નિર્માણ અને તેનો ૧૯, ૨૦, ૨૧ મે-૨૦૨૩ દરમિયાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પાટીદારોનો એક મિની કુંભમેળો યોજાશે. આપ સૌને દેવલોકમાં પહોંચવા જેવો **અહેસાસ થશે. ન ભૂતો ન ભવિષ્યતિ એવો રૂડો રૂપાળો અવસર યોજાશે.**

...અને એટલે જ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંચાલિત માસિક મુખપત્ર 'ઉમા સૃષ્ટિ'એ આ પ્રસંગે એક સ્પેશિયલ અંક તૈયાર કરવાનો મનોરથ સેવ્યો છે. મિત્રો! આને મા ઉમિયાનું એક નજરાણું સમજશો. ફક્ત ને ફક્ત આ અંક તમારા હાથમાં હોવાથી જ લોકો **તમને તમારા કદ કરતાં મોટા અને વધુ શક્તિશાળી માનશે, કારણ - તમારા હાથમાં નવશક્તિ છે!**

ભગવતી મા ઉમિયા આપણાં કુળદેવી છે. સાથે સાથે વિશ્વની કરુણામયી કલ્યાણી દેવી છે. ચાલો! મા ઉમિયાની વિરાટ પ્રતિભા અને પ્રચંડ શક્તિના વાહક બનીએ. પાટીદારોના ઈતિહાસમાં એક પ્રકરણ કે **એક પાનું તમારું પણ હોય. આ ઈતિહાસમાં નામ નોંધાવવાની તક ગુમાવશો નહીં.**

એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે. અમેરિકામાં પાટીદારોની ઓળખ એટલે મા ઉમિયાનું મંદિર. રીચમોન્ડ - કંટકીની પાવન ધરતી ઉપર મા ઉમિયાનું મંદિર વર્ષો નહીં, સદીઓ સુધી ગૂંજતું-ગાજતું રહેશે. **ક. પા. બેતાલીસ સમાજનો સહયોગ ઊડીને આંખે વળગે તેવો છે. શાબાશ.**

તમને સૌને મારા વંદન, ગુજરાતની માટીને વંદન, તમારી સાહસવૃત્તિને વંદન, તમારી તપસ્યા, તમારા વિકાસનેવંદન અને મા ઉમિયા પ્રત્યેની આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસને વંદન. તમારી સૌની સમજ અને ડહાપણને હું વધાવું છું. હજારો માઈલ દૂર હોવા છતાં તમારા **માદરે વતન માટેની હૃદયની લાગણીને શગ મોતીડે વધાવું છું.**

એક તેજસ્વી ભવિષ્યનો સૂર્યોદય થઈ રહ્યો છે. એક દિવસ એવો ઊગવાનો છે, જ્યારે જગતભરનાં સમાચારપત્રોમાં વિશ્વમાં સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) શક્તિ મંદિરના સમાચારો હેડલાઈનમાં હશે. **સૂર્યનું પહેલું કિરણ આ મંદિરના શિખર પર પડશે. જાણે મા ઉમિયાના ગગન વિહારને ગનની મહોબત મળી ગઈ!**

બહુ જ ટૂંકા સમયમાં આ નયનરમ્ય - મનોહર અંક તૈયાર કરવામાં કંટકી, મેકન, શિકાગો, ન્યૂ જર્સી, બોસ્ટન, નેસવિલા વગેરેથી સમાચારો, ફોટોગ્રાફ્સ પૂરા પાડવા માટે સૌનો આભારી છું. અંકના સૌજન્ય માટે **શ્રી ચેતનભાઈ (કંટકી) અને શ્રી દિનેશભાઈ (ડેની) મેરીલેન્ડનો પણ આભારી છું. શ્રી વી. પી. પટેલ, શ્રી અતુલભાઈ, શ્રી રસિકભાઈ, શ્રી અજિતભાઈ, શ્રી માણેકભાઈ, શ્રી જે. પી. પટેલ, શ્રી કૌશિકભાઈ, અનીતાબેન વગેરે મિત્રોનો મારા માટે સદ્‌ભાવ - અહોભાવે મને વધારે વિનમ્ર બનાવ્યો છે.**

આ સ્પેશિયલ અંકમાં લેખો - સંદેશા તથા ખાસ કરીને આપણા સૌના ગૌરવ અને સન્માન સમા પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈએ સંદેશ રેકોર્ડ કરી આપવા બદલ વિશેષ આભાર માની **આપ સૌને નિરામય દીર્ઘ આયુષ્યની શુભકામનો સાથે વિરમુ છું.**

**માણિક્યમ્**

સદીઓ અને નદીઓ વહેતી રહે... વહેતી રહે, સૂર્યોદય અને સૂર્યાસ્ત થતા રહે... થતા રહે. ધર્મની ગ્લાનિ અને સંસ્થાપના થતા રહે... થતા રહે, **પણ ત્યાં સુધી મા ઉમિયાનો જય જય કાર થતો રહે... થતો રહે.**

(સહી)
તંત્રી



## અર્પણ

જેમના મસ્તિષ્કમાં ચાણક્ય અને ચર્ચિલ બંને બિરાજમાન છે તે ઉત્તર ગુજરાત (માણસા)ના પ્રખર દેશભક્ત રાજસ્વી પુરુષ, નયા કાશ્મીરના નિર્માતા, ભારત સરકારના ગૃહ અને સહકાર મંત્રી **આદરણીય શ્રી અમિતભાઈ શાહ સાહેબ.**

જેમને આ સંસ્થા માટે અત્યંત અહોભાવ અને સદ્‌ભાવના છે, તેમનું ઋણ સ્વીકાર કરી, અમેરિકામાં શ્રી ઉમિયા નવશક્તિધામ - કંટકી ખાતે નવનિર્મિત મા ઉમિયાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે **'ઉમા સૃષ્ટિ'નો આ સ્પેશિયલ અંક આદરપૂર્વક અર્પણ કરી કૃતાર્થ થઈએ છીએ. સાહેબ! દેશને આપના પર ગર્વ છે...**

આભાર... ધન્યવાદ...

**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રી
'ઉમા સૃષ્ટિ'

**શ્રી આર. પી. પટેલ**
પ્રમુખ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન




Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015

Business Inquiry No.: **+91 82382 38250**

Follow us on:

marshmallow

उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

"Together we can do it
Together we have always done it"



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
BEE/ /

ISO 9001
BUREAU VERITAS
Certification

MORE STARS MORE SAVINGS

CE

IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

# શુભેચ્છા સંદેશ



**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના દ્રઢ સંકલ્પ સાથે અમેરિકાના રીચમોન્ડ - કંટકીના મિત્રોએ “શ્રી ઉમિયા નવશક્તિધામ“ નું નિર્માણ કરીને આપણા સૌની આસ્થાને કેન્દ્રિત કરી છે. નવનિર્મિત શ્રી ઉમિયા નવશક્તિધામમમાં બિરાજમાન રાજરાજેશ્વરી જગતજનની મા ઉમિયાના આશિર્વાદ સદૈવ આપણા સૌ ઉપર બની રહેશે. એવા આસ્થાના ધામથી ધાર્મિક અને સામાજિક શક્તિઓનો સરવાળો થશે જે સમાજની સંગઠન શક્તિને નવી ઊંચાઈએ લઈ જશે, જેનાથી સમાજના સર્વાંગી વિકાસ માટેની એક નવી જ કેડી કંડારાશે.

આ ભગીરથ કાર્યનું શ્રેય નવશક્તિધામના તમામ ટ્રસ્ટીશ્રીઓને અને આ કાર્યમાં કોઈપણ રીતે સહયોગી થનાર દાતાશ્રીઓને જાય છે, ત્યારે નવનિર્મિત શ્રી ઉમિયા નવશક્તિધામમમાં ત્રણ દિવસનાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હું મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું અને હૃદયના ભાવથી આપ સૌના આ સમર્પિત સેવાકાર્યને અભિવાદિત કરું છું.

સાત સમંદર પાર કરીને ૨૦૦૩ માં જગતજનની મા ઉમિયાની દિવ્ય જ્યોતનું મેકન જ્યોર્જિયામાં આગમન થયું - ભવ્યાતિભવ્ય મંદિરનું નિર્માણ થયું. પરસ્પરના સંબંધોનું જોડાણ થયું અને જેનાથી મા ઉમિયાની આસ્થા અન્ય રાજ્યોમાં પ્રસરીને આજે કંટકીની પાવન ભૂમિ ઉપર ઉજાગર થઈ છે. ફળસ્વરૂપ મા ઉમિયાની પ્રાણ-પ્રતિષ્ઠા આજે કંટકીમાં થઈ રહી છે. જેનું ગૌરવ આપણે સૌ અનુભવીએ છીએ અને તે માટે મેકન જ્યોર્જિયાની ટીમને આદર અને આસ્થાના ભાવ સાથે વંદીએ છીએ.

મિત્રો ! પાટીદારોના હ્રદય સમા અમદાવાદમાં એકસો વીઘા જમીનમાં રૂપિયા એક હજાર કરોડના સામાજિક નીધિ સહયોગથી સામાજિક સશક્તિકરણ કેન્દ્ર સમા વિશ્વ ઉમિયાધામનું નિર્માણ થઈ રહ્યું છે, જ્યાં જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચા (૫૦૪ ફૂટ) શક્તિ મંદિરનું નિર્માણ ગતિપૂર્વક ચાલી રહ્યું છે. વિશ્વમાં અજાયબીનું એક નવું પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે. આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ બની રહ્યું છે ત્યારે તેની ઊર્જા કંટકીના નવનિર્મિત શ્રીઉમિયા નવશક્તિધામ સુધી પ્રસરી છે જે મા ઉમિયાના સાક્ષાત્કારનું પ્રમાણ છે

વિશ્વ ઉમિયાધામના મહા ભૂમિપૂજન, શિલાન્યાસ અને મંદિર નિર્માણના તમામ પ્રસંગોએ અમેરિકાના તમામ એન.આર.આઈ. મિત્રો, બંધુ-ભગીનીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમના સાક્ષી બની સંગઠીત સમાજના નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણમાં સહયોગી બન્યા છો તે બદલ વિશ્વ ઉમિયાધામ પરિવાર વતી હું આપ સૌનો આભાર વ્યક્ત કરવા - સૌને અભિવાદિત કરવા અને ભવ્યાતિભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવના સાક્ષી બની પ્રસન્નતા વ્યક્ત કરવા વિશ્વ ઉમિયાધામની ટીમ સાથે અમો અહીં રીચમોન્ડ - કંટકી આવેલ છીએ.

કંટકીમાં નિર્મિત શ્રીઉમિયા નવશક્તિધામ સર્વેના દુઃખોનું દુઃખભંજક બને, સૌની મનોકામનાઓ પૂર્ણ કરનારું ધામ બને અને સામાજિક વિકાસના અનેક પ્રકલ્પોનું સફળ કેન્દ્ર બને તેવી જગતજનની મા ઉમિયાને પ્રાર્થના કરું છું. સમગ્ર અમેરિકામાં આ મંદિરની ધાર્મિક - સામાજિક - શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સુગંધ મહોરે - મહેંકે તેવી અંતરની શુભકામનાઓ પાઠવતાં અત્યંત આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું.

सत्यमेव जयते



## आनंदीबेन पटेल

### राज्यपाल, उत्तर प्रदेश

## શુભેચ્છા સંદેશ

અમેરિકાના કંટકી સ્ટેટમાં રીચમોન્ડ નગરમાં કડવા પાટીદાર સમાજ દ્વારા નવનિર્મિત શ્રી ઉમિયા માતાજી મંદિરના આગામી તારીખ ૧૯, ૨૦, ૨૧ મે-૨૦૨૩ દરમિયાન યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સમાચાર જાણી ખૂબ જ આનંદ થયો. **આ પવિત્ર પ્રસંગ માટે હું હર્ષ સાથે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.**

ગુજરાતના અસંખ્ય પાટીદાર પરિવારો અમેરિકામાં સ્થાયી થયા છે. પરદેશમાં પણ સમાજ અને દેશની સંસ્કૃતિનું જતન કરતો પાટીદાર સમાજ કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદિરના નિર્માણ થકી અન્ય હિન્દુ દેવી-દેવતા અને સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરોની જેમ જ આગવું આકર્ષણ ઊભું કરશે તેવી મને શ્રદ્ધા છે. આ મંદિરના નિર્માણ માટે ખાસ કરીને ઉત્તર **ગુજરાતના પાટીદારો દ્વારા લાખો ડૉલર ખર્ચ કરી હિન્દુ સમાજને ધાર્મિક શ્રદ્ધા વ્યક્ત કરવા પવિત્ર સ્થાન મળે તેવું સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે.**

જેમ પાટીદાર સમાજે પરદેશમાં કુળદેવીનું મંદિર બનાવ્યું તેવી જ રીતે વતનમાં પણ પરસેવાની કમાણીનો થોડો હિસ્સો ધાર્મિક-સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓમાં ઉદારતાપૂર્વક સહયોગ કરી હંમેશાં આપ્યો છે. પાટીદાર સમાજે હંમેશાં શિસ્ત, સંગઠન અને સહકાર દ્વારા અન્ય સમાજોને પણ દિશા બતાવવાનું કામ કર્યું છે. **મા ઉમિયાજીની કૃપા સૌ પર રહે અને પવિત્ર કામ નિર્વિઘ્ને પાર પડે તેવી પ્રાર્થના સાથે.**

આનંદીબેન

**(આનંદીબેન પટેલ)**

પ્રતિ,
**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રીશ્રી, ઉમા સૃષ્ટિ
વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ.

सत्यमेव जयते



## ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

### શુભેચ્છા સંદેશ

ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા અને સંગઠનની ભાવના કેળવવા માટે આધ્યાત્મિક સ્થાન એ સૌથી મોટું માધ્યમ છે અને ધર્મરક્ષામાં તે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પાટીદાર સમાજ સંગઠનમાં રહેલી શક્તિનો પરિચાયક છે. **વિવિધ સામાજિક, ધાર્મિક આયોજનોમાં આ ખમીરવંતો સમાજ અગ્રેસર રહ્યો છે.**

વિશ્વ પટલ પર ઠેર ઠેર લાખો ગુજરાતીઓ ઠરીઠામ થયા છે ત્યારે અમેરિકાની ધરતી પર **કંટકી સ્ટેટ**માં પાટીદાર સમાજ દ્વારા **ઉમિયા માતા**ના રમ્ય, ભવ્ય અને દિવ્ય મંદિરનું નવનિર્માણ થઈ રહ્યું હોવાનું જાણીને આનંદ થયો. આગામી તા. ૧૯થી ૨૧, મે-૨૦૨૩ દરમિયાન ઉમિયા માતાજીના આ મંદિર ખાતે **પ્રાણ પ્રતિષ્ઠા**નું આયોજન આવકાર્ય છે. **વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન** સંચાલિત માસિક મુખપત્ર **‘ઉમા સૃષ્ટિ’**ના વિશેષાંકનું પ્રકાશન થઈ રહ્યું છે તે જાણીને પ્રસન્નતા થઈ. આ દિવ્ય પ્રસંગે ઉપસ્થિત પાટીદાર સમાજના સર્વે આયોજકો, આગેવાનો, ભાવિકો, **દાતાશ્રીઓ અને અમેરિકામાં વસતા સમાજના લોકોને અભિનંદન સહ શુભેચ્છા.**

આપનો

(ભૂપેન્દ્ર પટેલ)

પ્રતિ,
**આર. પી પટેલ**
પ્રમુખ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ.

सत्यमेव जयते



## ઋષિકેશ પટેલ

મંત્રી- આરોગ્ય, પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો
ગુજરાત સરકાર

## શુભેચ્છા સંદેશ

ઉત્તર ગુજરાત અને તેમાંય ખાસ કરીને મહેસાણા, ગાંધીનગરના હજારો ગુજરાતી પરિવારો અમેરિકામાં સ્થાયી થયા છે તેમાં પાટીદારો વિશેષ પ્રમાણમાં છે. આ તમામ પાટીદારો ઉમિયા માતા પ્રત્યે વિશેષમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખે છે. આથી અમેરિકામાં વસતા તમામ કડવા પાટીદારોએ ઉમિયા માતાના મંદિરની શરૂઆત જોર્જિયા ખાતેથી કરી, ત્યાર બાદ **ન્યૂ જર્સી, બોસ્ટન અને શિકાગો ખાતે ઉમિયા માતાનાં મંદિરો સંપન્ન થયાં.**

કંટકી સ્ટેટમાં આગામી તા. ૧૯, ૨૦, ૨૧ મે-૨૦૨૩ દરમિયાન ઉમિયા માતા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ રહ્યો છે તે જાણીને અત્યંત આનંદ થયો. મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે મા ઉમિયાને મારી પ્રાર્થના, તેમજ આ મહોત્સવનું **આયોજન કરનાર સર્વ આયોજકો, વ્યવસ્થાપકો, સેવકો, દાતાશ્રીઓને આ મહોત્સવની સફળતા માટે શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.**

ઋષિકેશ પટેલ

પ્રતિ,
**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રીશ્રી, ઉમા સૃષ્ટિ
વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ.

सत्यमेव जयते



## નીતિન પટેલ

પૂર્વ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

### શુભેચ્છા સંદેશ

**મહોદયશ્રી,**

ગુજરાતના પાટીદારો સમગ્ર વિશ્વના અનેક દેશોમાં વેપાર, ધંધા, વ્યવસાય અને શિક્ષણ માટે દાયકાઓથી કાર્યરત છે. **અમેરિકામાં પણ પાટીદારો - ગુજરાતીઓ આર્થિક અને સામાજિક રીતે ખૂબ સક્ષમ બન્યા છે અને અમેરિકામાં પાટીદારો - ગુજરાતીઓએ ખૂબ પ્રતિષ્ઠા મેળવી છે.**


મને આનંદ છે કે **અમેરિકાના કંટકી રાજ્યના રીચમોન્ડ શહેરમાં પાટીદાર સમાજ દ્વારા શ્રી ઉમિયા માતાજીના** સુંદર અને ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે અને **તા. ૧૯, ૨૦, ૨૧ મે-૨૦૨૩** દરમિયાન **ઉમિયા માતાજીના મંદિરની સાથે સાથે સનાતન ધર્મના દેવી-દેવતાઓની મૂર્તિઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવ શક્તિ માતાજીઓની મૂર્તિ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.** તે સર્વ પાટીદારો માટે આનંદ અને ગૌરવની વાત છે. **સર્વ આયોજકોને હું ખૂબ ખૂબ અભિનંદન સાથે વંદન કરું છું અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ આનંદથી પરિપૂર્ણ થાય એવી શુભેચ્છા પાઠવું છું.**

આપણે સૌ જાણીએ છીએ કે અમદાવાદમાં જાસપુર મુકામે સર્વ **પાટીદારો અને અન્ય સમાજોના સહયોગથી વિશ્વનું સૌથી ઊંચામાં ઊંચું** (૫૦૪ **ફૂટ) ઉમિયા માતાજીના ભવ્ય મંદિરનું** નિર્માણ અને અન્ય સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓના કેમ્પસનું કાર્ય ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમાં પણ અમેરિકામાં વસતા પાટીદારોનો ખૂબ મોટો સહયોગ છે.

અમેરિકામાં વર્ષો અગાઉ મેકન (જ્યોર્જિયા)માં ઉમિયા માતાજી મંદિરનું નિર્માણ થઈ ગયેલ છે અને તાજેતરમાં ન્યૂ જર્સીમાં **ઉમિયા માતાજીના મંદિરની** પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે અને હવે **શિકાગો તથા બોસ્ટન ખાતે પણ ઉમિયા માતાજીનાં મંદિરોનું** નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ માટે અમેરિકાના સર્વ પાટીદાર દાતાશ્રીઓ અને કાર્યકરશ્રીઓને **અભિનંદન પાઠવું છું.**

વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ સહિત દરેક જગ્યાએ બની રહેલાં **ઉમિયા માતાજીનાં મંદિરો આપણા હિન્દુ ધર્મ, ભારતીય સંસ્કૃતિ અને આપણા સૌની એકતા અને સંગઠનને વધુ ને વધુ શક્તિશાળી અને ગૌરવમય બનાવશે તેવી અપેક્ષા સહ સર્વને ખૂબ ખૂબ અભિનંદન અને જય ઉમિયા માતાજી...**

આપનો સ્નેહાધીન,



(નીતિન પટેલ)

પ્રતિ,
**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રીશ્રી, ઉમા સૃષ્ટિ
વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ.



## રસિકભાઈ પટેલ

કો-ઓર્ડિનેટર, મેકન જ્યોર્જિયા, યુ.એસ.એ.

### શુભેચ્છા સંદેશ

કંટકી - અમેરિકા ખાતે આગામી તા. ૧૯, ૨૦, ૨૧ મે-૨૦૨૩ દરમિયાન મા ઉમિયાના નૂતન મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ વિશ્વના તમામ કડવા પાટીદારો માટે ગૌરવ અને આનંદનો પ્રસંગ છે. **કંટકીમાં મા ઉમિયાના શાશ્વત પ્રકાશનો સૂર્યોદય થઈ રહ્યો છે...**

...ત્યારે આ પ્રસંગે હું પ્રસન્તા વ્યક્ત કરું છું અને હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. અમેરિકા ખાતે લાખો ગુજરાતીઓ ઠરીઠામ થયા છે તેમાં **સૌથી વિશેષ મહેસાણા જિલ્લો અને ઉત્તર ગુજરાતના પાટીદારો છે.**

જગત જનની મા ઉમિયા આપણી કુળદેવી છે. તેના મંદિર-માધ્યમથી અહીં પરદેશમાં પણ આપણી સંસ્કૃતિ અને સંગઠન જીવંત રહેશે. એ વિચારે જ **અમે મેકન જ્યોર્જિયા ખાતે મા ઉમિયાના મંદિર નિર્માણની પહેલ ૨૦૧૦માં કરી હતી.**

હવે તો કંટકી ઉપરાંત બીજા અનેક સ્ટેટમાં કડવા પાટીદાર સમાજ અસ્તિત્વમાં આવ્યા છે. ત્યાં પણ મંદિર નિર્માણ કાર્યો ચાલુ થયાં છે. અમદાવાદમાં જાસપુર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા **વિશ્વમાં સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) મંદિર નિર્માણ તેજ ગતિએ ચાલી રહ્યું છે તેનું અમને તમામને ગૌરવ છે.** વિશ્વ ઉમિયાધામમાં શ્રદ્ધા અને આસ્થાની સ્વચ્છ અબોહવા જામી છે.

પ્રતિ,
**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રીશ્રી, ઉમા સૃષ્ટિ
વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ.

ભવદીય
**રસિકભાઈ પટેલ**
કો-ઓર્ડિનેટર, મેકન જ્યોર્જિયા,
યુ.એસ.એ.



## દિનેશભાઈ પટેલ (ડેની)

યુથ ચેરમેન - યુ.એસ.એ., મેરીલેન્ડ

### શુભેચ્છા સંદેશ

અમે એ વાતનું ગૌરવ લઈ શકીએ કે અમેરિકામાં અમારી પાસે કડવા પાટીદારોનું મા ઉમિયાના નામ અને કામથી મજબૂત સંગઠન છે. **અમારી પાસે દાતાઓ, શ્રેષ્ઠીઓ, લબ્ધપ્રતિષ્ઠ ઉદ્યોગપતિઓ અને ઓજસ્વી-તેજસ્વી નવયુવાન મિત્રો છે...**

...અને તેથી જ સૌ પ્રથમ જ્યોર્જિયામાં મેકન ખાતે અમે મા ઉમિયાનું મંદિર નિર્માણ કરી શક્યા. તે પછી ન્યૂ જર્સી, શિકાગો અને હવે કંટકી સ્ટેટ ખાતે નૂતન મંદિર નિર્માણનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૧૯, ૨૦, ૨૧ મે-૨૦૨૩ દરમિયાન ઉજવાઈ રહ્યો છે. આ પ્રસંગે હું મારા **ન્યૂ જર્સી - એડિસન ખાતેના તમામ હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીઓ અને મારા તમામ નવયુવાન મિત્રો વતી આ મહોત્સવને શુભકામનાઓ પાઠવું છું.**

હે પાટીદાર મિત્રો! અમેરિકામાં અહીંનો પાટીદાર નારીપ્રધાન કે પુરુષપ્રધાન નથી, પરંતુ પરિવારપ્રધાન છે. એટલે જ અમેરિકામાં અમે આટલી પ્રગતિ કરી શક્યા છીએ. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ પાટીદારોનું નવું સર્જન છે. **પાટીદારોની સમૃદ્ધિની ભાગ્યરેખા વિશ્વ ઉમિયાધામથી શરૂ થઈ છે, જે પૂરા વિશ્વમાં વિસ્તરી રહી છે.**

ફરી એક વાર કંટકી મહોત્સવને તમામ શુભકામનાઓ સાથે ધન્યવાદ.

**ધરતીસે અંબર કો જોડે ઉસકા નામ જ્વાની હૈ**
**જો શીશોંસે પથ્થર તોડે ઉસકા નામ જ્વાની હૈ**

પ્રતિ,
**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રીશ્રી, ઉમા સૃષ્ટિ
વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ.

ભવદીય
**દિનેશભાઈ પટેલ (ડેની)**
યુથ ચેરમેન
યુ.એસ.એ., મેરીલેન્ડ



# અનિતા પટેલ

ચેરપર્સન, મહિલા યૂથ કમિટી, બોસ્ટન

## શુભેચ્છા સંદેશ

હજારો વર્ષ જૂનાં ઐતિહાસિક મંદિરો આજે પણ હિન્દુ સંસ્કૃતિનો આપણને સૌને પરિચય કરાવે છે, જેનો શ્રેય ઇતિહાસમાં હિન્દુ મંદિરોના નિર્માણમાં જોડાયેલ દરેક વ્યક્તિને ફાળે જાય છે .

તેવી જ રીતે શ્રી ઉમિયા નવશક્તિધામ મંદિરનું નિર્માણ પણ જૂની પેઢીને આજની પેઢી સાથે તેમજ આજની પેઢીને ભવિષ્યની પેઢી સાથે જોડતી કડી સ્વરૂપ છે. આપે મંદિર નિર્માણ થકી આપણી સંસ્કૃતિ અને સંસ્કારોને ભાવિ પેઢીમાં જીવંત રાખવાનો પથ નિર્માણ કર્યો છે. આપણે સૌએ દેશ, વતન, ગામને છોડી અમેરિકાને કર્મભૂમિ તો બનાવી, પરંતુ હૃદયમાં બિરાજમાન ગામની માતા પ્રત્યેની શ્રદ્ધા અને વિશ્વાસ ક્યારેય ગુમાવ્યા નથી. આપણી કુળદેવી શ્રી જગતજનની મા ઉમિયાની સાથે આઠ ગામની માતાઓની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના આયોજન દ્વારા આપે Richmond - Kentucky તેમજ સમગ્ર યુ.એસ.એ માં વસતા પરિવારોની લાગણીને સંતોષી ખૂબ જ ઉમદા કાર્ય કર્યું છે .

ત્રી-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની રંગેચંગે ઉજવણી કરવા હાથ ધરાયેલ દૈવીકાર્યની પૂર્તિ કાજે આપ સર્વને પરમ કૃપાળુ પરમેશ્વરના સાક્ષાત્ આશીર્વાદ પ્રપ્ત થાય તેવી અભ્યર્થના.

આસ્થા અને શ્રદ્ધાનું પ્રત્યક્ષ સ્વરૂપ શ્રી ઉમિયા નવશક્તિધામ મંદિર બધા જ પરિવારોની સમૃદ્ધિ, સંપત્તિ અને સંસ્કારોમાં ઉત્તરોત્તર વધારો કરે તેવી મા ઉમિયાનાં ચરણોમાં પ્રાર્થના સાથે વંદન.

પ્રતિ,
**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રીશ્રી, ઉમા સૃષ્ટિ
વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ.

ભવદીય
**અનિતા પટેલ**
ચેરપર્સન, મહિલા યૂથ કમિટી,
બોસ્ટન

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન

**જ્વલંત સિદ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.૩૩% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.૩૦% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬૩% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | ૩૦.૬૩% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઈપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઇસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**

શ્રી ચંદુભાઇ આઈ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઈ એસ. પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ
શ્રી ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ
શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**

# SWARNIM DHARTI




## 3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**

swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in



રામકૃષ્ણ પરમહંસ



# હે મા ઉમિયા!

હે મા ઉમિયા, હું મારી જાતને તારી કૃપા પર છોડું છું.
મને સતત તારા સ્મરણમાં રાખ.
ઈન્દ્રિયોનાં સુખો હું શોધતો નથી, મા!
શોધતો નથી કીર્તિ કે અલૌકિક શક્તિઓ
હું તો કેવળ તારે માટેનો પ્રેમ માગું છું -
નિર્ભેળ પ્રેમ, ઈચ્છાથી ખરડાયા વિનાનો.
**તેને દુન્યવી વસ્તુઓમાં કોઈ ભાગ જોઈતો નથી.**

વળી હે મા ઉમિયા,
તારો આ બાળ દુનિયાનાં પ્રલોભનોથી મોહાઈને
તને ભૂલી ન જાય, એવું કરજે.
સુવર્ણની કે વાસનાની મોહજાળ
**મને કદી ખેંચી ન જાય, એવું કરજો.**

મા ઉમિયા, તું શું સમજતી નથી કે મારે
તારા સિવાય બીજું કોઈ નથી?
તારા નામનું ગાન કેમ કરવું તે હું જાણતો નથી.
મારામાં એ ભક્તિ કે જ્ઞાન નથી,
જે મને તારા ભણી દોરી જાય.
મારામાં સાવ સાચો પ્રેમ પણ નથી.
**તારી અસીમ કૃપા વડે મારા પર પ્રેમ વરસાવ**
**એ હું માગું છું.**






રસિકભાઈ પટેલ
પ્રમુખ,
કડવા પાટીદાર સમાજ
રિચમોન્ડ - કંટકી











# શ્રી ઉમિયા નવશક્તિધામ રીચમોન્ડ - કંટકી

## ભૂમિદાનના યજમાનશ્રી

**પટેલ કાંતિલાલ મથુરદાસ**
**પટેલ સીતાબેન કાંતિલાલ**
ડિંગુચા - Richmond

**પટેલ જયંતીલાલ જીવણભાઈ**
**પટેલ હંસાબેન જયંતીભાઈ**
કલોલ - Lexington

**પટેલ અશોકભાઈ અમરતલાલ**
**પટેલ કોકિલાબેન અશોકભાઈ**
ડિંગુચા - Lexington

---

**મૂર્તિ સ્થાપનાના યજમાન**

**પટેલ સંતોષીબેન હિતેશકુમાર**
કલોલ - Prestonburg

**પટેલ સીતાબેન બાબુલાલ**
જાસલપુર - Paintsville

**પટેલ વર્ષાબેન ભીખાભાઈ**
પલિયડ - Frankfort

**ચોક્સી જ્યોતિબેન બળદેવભાઈ**
જોરણંગ - Richmond

**પટેલ કપિલાબેન અશોકભાઈ**
ડિંગુચા - Lexington

**પટેલ નયનાબેન જયંતીલાલ**
સાંગણપુર - Winchester
પટેલ કંચનબેન કનૈયાલાલ
આખજ - Portsmouth

**પટેલ નીતાબેન શૈલેષભાઈ**
કલોલ - Prestonburg

**પટેલ સુનીતાબેન શૈલેષભાઈ**
વિસલપુર - Frankfort
**ચોક્સી મીનાબેન કનુભાઈ**
જોરણંગ - Richmond

**પટેલ સીતાબેન બાબુલાલ**
જાસલપુર - Paintsville

**પટેલ જયાબેન કિરીટભાઈ**
સૂરજ - Lexington
**પટેલ ગંગાબેન અંબાલાલ**
અંબાસણ - Lexington



**મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના દાતાશ્રી**

**પટેલ લીલાવતી જયંતીભાઈ**
આણંદપુરા - Harrodsburg

**પટેલ રીટાબેન પ્રકાશકુમાર (ભોલો)**
પલિયડ - Frankfort

**પટેલ મંગુબેન શિવદાસ**
ભાદોલ - Richmond

**લક્ષ્મી ગ્રૂપ**
**કલ્પેશ, આશિષ, હાર્દિક**
Somerset

**પટેલ કોકિલાબેન રસિકલાલ**
ખરણા - Lexington

**પટેલ શારદાબેન પોપટભાઈ**
કલોલ - Lexington

**પટેલ પારુલબેન વિનોદકુમાર**
કૈંપલ - Lexington

**પટેલ સપનાબેન મનોજકુમાર**
**પટેલ અનીતાબેન મહેન્દ્રભાઈ**
ડિંગુચા - Richmond

**લક્ષ્મી ગ્રૂપ**
**જિગ્નેશ, રોનક, ચિરાગ**
Somerset



## ॥ શ્રી ઉમિયા નવશક્તિ ધામ RICHMOND KENTUCKY ॥

### સિહાસન ના યજમાનશ્રી
પટેલ લીલાબેન પ્રભુદાસ કલોલ (Prestonburg, KY)
હસ્તે. વિષ્ણુભાઈ, હિતેશભાઈ, શૈલેષભાઈ

### ધર્મ ધજા ના યજમાનશ્રી
પટેલ ગૌતમભાઈ વિઠ્ઠલભાઈ ભાદોલ (Union, KY)
પટેલ અલ્કાબેન ગૌતમભાઈ

### રસોડા સેટ ના યજમાનશ્રી
સખી સહેલી ગ્રુપ (Kentucky)

### Kids Playground ના યજમાનશ્રી
પટેલ મીનાબેન કિરીટભાઈ ડીંગુચા (London, KY)
હસ્તે. નૈનેશ(NK), મૌલિ, કેશવ

### Fountain ના યજમાનશ્રી
પટેલ ચંચળબેન રસિકભાઈ
હસ્તે. મહેશભાઈ, શિલ્પાબેન, રીત, સ્મીત,
નારદીપુર (Staffordsville, KY)

સ્વ. પટેલ ગીતાબેન ભક્તિદાસ
હસ્તે. હિરેન, અંજુ, આહીર, આરવ
ખરણા (Frankfort, KY)

પટેલ લીલાબેન બળદેવભાઈ
હસ્તે. ગુણવંતભાઈ, ભારતીબેન, પિયુષ, મીના
ઝુલાસણ (Berea, KY)

---

### Grocery ના યજમાનશ્રી
પટેલ જગદીશભાઈ બળદેવભાઈ કરજીસણ (Macon, GA)
Shree Hari Grocery (Macon, Georgia)

### સાઉન્ડ સિસ્ટમના ના યજમાનશ્રી
પટેલ ગુણવંતભાઈ બળદેવભાઈ (દોલા સાઉન્ડવાળા)
પટેલ ભારતીબેન ગુણવંતભાઈ ઝુલાસણ (Berea, KY)

### Video/Photography/Sound ના યજમાનશ્રી
પટેલ ઉત્તમભાઈ વિષ્ણુભાઈ (Zeel Video Production)
પટેલ નિકીતાબેન ઉત્તમભાઈ નારદીપુર (Lexington, KY)

### રસોઈયા ના યજમાનશ્રી
શ્રી ઉમિયા માતાજી મંદિર (Macon, GA)

### ડાયરો,ગરબા ના કલાકારો ના યજમાનશ્રી
શ્રી વિશ્વઉમિયા ફાઉન્ડેશન

### આઈસક્રીમ ના યજમાનશ્રી
પંકજ પટેલ, હિરેન પટેલ, ધીરૂ પટેલ, વિનય પટેલ,
મિથુન સુથાર, સમીર પટેલ, દેવેન્દ્ર પટેલ.

### ચા,પાણી, મુખવાસ ના યજમાનશ્રી
પટેલ મહેન્દ્રભાઈ સોમદાસ ભવપુરા (Franfort, KY)
પટેલ ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ

### પીઝા ના યજમાનશ્રી
પટેલ પારૂલબેન રમેશભાઈ પલિયડ (Lexington, KY)

### ભોજનના યજમાનશ્રી

**॥ પ્રથમ દિવસ ॥**
પટેલ રવિન્દ્રકુમાર વિષ્ણુભાઈ
પટેલ કુસુમબેન રવિન્દ્રકુમાર
જાસલપુર (Somerset, KY)

**॥ બીજો દિવસ ॥**
પટેલ પ્રભુદાસ ખોડીદાસ
હસ્તે. હિતેશભાઈ, શૈલેષભાઈ
કલોલ (Prestonburg, KY)

**॥ ત્રીજો દિવસ ॥**
પટેલ કેતન મહેન્દ્રકુમાર
પટેલ રોશનીબેન કે
આખજ (Paintsville, KY)



# શ્રી ઉમિયા નવશક્તિધામ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવકુંડી યજ્ઞ

## ટ્રસ્ટીશ્રીઓ

પટેલ દશરથભાઈ કાન્તિલાલ - નારદીપુર
પટેલ અમિત ભરતભાઈ - ઝુલાસણ
પટેલ મનોજકુમાર કાન્તિલાલ - ડિંગુચા
પટેલ કનુભાઈ ખોડાભાઈ - ગોઝારિયા
પટેલ ચેતનભાઈ ભક્તિભાઈ - નારદીપુર
પટેલ જયપ્રકાશ (JP) હરગોવનદાસ - ડિંગુચા
પટેલ નૈનેશ (NK) કિરીટકુમાર - ડિંગુચા
પટેલ નરેન્દ્રભાઈ જયંતીલાલ - ડાંગરવા
પટેલ અશોકભાઈ અમૃતલાલ - ડિંગુચા
પટેલ બિજલકુમાર જયંતીલાલ - કલોલ
પટેલ દશરથભાઈ ગોપાલદાસ - ડિંગુચા
પટેલ હિતેશકુમાર પ્રભુદાસ - કલોલ
પટેલ કનૈયાલાલ ભીખાભાઈ - કોઠા
પટેલ કનુભાઈ ચંદુભાઈ - ઝુલાસણ
પટેલ કિરીટભાઈ અંબાલાલ - સૂરજ
પટેલ પ્રજ્ઞેશ બાબુભાઈ - પલિયડ
પટેલ રમેશભાઈ છનાલાલ - ઊંટવા
પટેલ રસિકલાલ અમૃતલાલ ખરણા - ખરણા
પટેલ સમીર રામભાઈ - કલોલ
પટેલ અલ્પેશકુમાર જયંતીભાઈ - નારદીપુર
પટેલ અશોકભાઈ હરગોવનદાસ - ડિંગુચા
પટેલ કોમલબેન રવિભાઈ - ઝુલાસણ
પટેલ મહેશકુમાર રસિકલાલ - નારદીપુર
પટેલ પ્રીતિબેન હર્ષદકુમાર - આણંદપુરા
બૅન્કર વિજયભાઈ માણેકલાલ - રાજપોર
પટેલ વિષ્ણુભાઈ કાંતિલાલ - નારદીપુર
પટેલ અશોકકુમાર બળદેવભાઈ - ખરણા
પટેલ અલ્પેશ કાળીદાસ - સાલડી
પટેલ અલ્પેશકુમાર મહેન્દ્રભાઈ - પલિયડ
પટેલ અમરતભાઈ શિવદાસ - ડિંગુચા
પટેલ આનંદ ગુણવંતભાઈ - બોરુ
ચોક્સી અર્જુન કનુભાઈ - જોરણંગ
પટેલ અરવિંદભાઈ નાથાલાલ - પલિયડ
પટેલ અશોકકુમાર પરષોત્તમદાસ - ભાદોલ
પટેલ અશ્વિન પોપટભાઈ - કલોલ
પટેલ અશ્વિનકુમાર રમણલાલ - નંદાસણ
પટેલ બાબુભાઈ મથુરદાસ - ડિંગુચા
પટેલ બળદેવભાઈ અંબાલાલ - ઝુલાસણ

ચોક્સી બળદેવભાઈ પ્રહ્લાદભાઈ - જોરણંગ
પટેલ બળદેવભાઈ અંબાલાલ - અંબાસણ
પટેલ બળદેવભાઈ પ્રહ્લાદભાઈ - સઈજ
પટેલ ભક્તિભાઈ કેશવલાલ - ખરણા
પટેલ ભરતભાઈ કાંતિલાલ - ઊંટવા
પટેલ ભરતભાઈ કરસનદાસ - પલિયડ
પટેલ ભીખાભાઈ જેઠાલાલ - નારદીપુર
પટેલ ચંપાબેન ભીખાભાઈ - ઊંટવા
પટેલ ચંદ્રકાંતભાઈ શકરાભાઈ - મુખાસણ
પટેલ ચંદ્રીકાબેન મહેન્દ્રકુમાર - ભવપુરા
પટેલ ચિરાગ રમેશબાઈ - ઊંટવા
પટેલ દર્શિલ બળદેવભાઈ - જોરણંગ
પટેલ દેવેન્દ્ર અમૃતભાઈ - ડિંગુચા
પટેલ ધીરેનભાઈ ચંદુભાઈ - જોરણંગ
પટેલ દિલીપભાઈ ચતુરદાસ - ડિંગુચા
પટેલ દિલીપકુમાર કેશવલાલ - લક્ષ્મીપુરા
પટેલ દિનેશકુમાર બાબુલાલ - જેસલપુર
પટેલ દિનેશકુમાર રણછોડલાલ - પલિયડ
પટેલ ગૌતમ વિઠ્ઠલદાસ - ભાદોલ
પટેલ ઘનશ્યામભાઈ બાબુલાલ - નારદીપુર
પટેલ હસમુખભાઈ ભીખાભાઈ - પલિયડ
પટેલ જગદીશકુમાર કાંતિલાલ - ડિંગુચા
સોની જયેન્દ્રકુમાર ચુનીલાલ - પલિયડ
પટેલ જયેશકુમાર નારાયણદાસ - પલિયડ
પટેલ જયેશ & કિશન - સિયાપુરા
પટેલ જિતેન્દ્ર ધોળીદાસ - કોઠા
પટેલ જિતેન્દ્રકુમાર શાંતિભાઈ - બોરુ
પટેલ જ્યોત્સનાબેન વિનોદભાઈ - પલિયડ
પટેલ કલ્પેશ રમેશભાઈ - જોરણંગ
પટેલ કલ્પેશકુમાર ભરતભાઈ - સાલડી
પટેલ કમેશભાઈ રસિકભાઈ - નારદીપુર
પટેલ હિતેન્દ્ર શૈલેષભાઈ - સઈજ
પટેલ કમલેશભાઈ રસિકભાઈ - નારદીપુર
પટેલ કનૈયાલાલ વેણીભાઈ - ડિંગુચા
પટેલ કાંતાબેન કાલીદાસ - ઘુમાસણ
પટેલ કનુભાઈ અમૃતલાલ - ડિંગુચા
પટેલ કનુભાઈ ઈશ્વરભાઈ - નારદીપુર
પટેલ કેતન મહેન્દ્રકુમાર - આખજ

પટેલ કીર્તિકુમાર કનૈયાલાલ - નંદાસણ
પટેલ માધવલાલ વિઠ્ઠલદાસ - પલિયડ
પટેલ મંગળદાસ પ્રહ્લાદદાસ - પલિયડ
પટેલ મણિબેન સોમદાસ - પલિયડ
પટેલ મૌલિક સતીષભાઈ - ઝુલાસણ
પટેલ મયંક સુરેન્દ્રકુમાર - રાજપુર
પટેલ મયૂરભાઈ રમેશભાઈ - પલિયડ
પટેલ મિત્તલ ચતુરભાઈ - જોરણંગ
પટેલ નિલેશ રસિકભાઈ - કોઠા
પટેલ નિમેષ મણિલાલ - ઝુલાસણ
પટેલ નીતિન પ્રહ્લાદભાઈ - રાજપુર
પટેલ પ્રકાશ ભીખાભાઈ - પલિયડ
પટેલ પરેશ કાંતિલાલ - ડિંગુચા
પટેલ પ્રવીણકુમાર ચીમનભાઈ - સઈડ
પટેલ રાજેશકુમાર હરગોવનદાસ - આખજ
પટેલ રજનીકાંત શિવદાસ - ભાદોલ
પટેલ ગૌતમભાઈ રાજુભાઈ - સૂરજ
પટેલ રમણલાલ કચરદાસ - ડિંગુચા
પટેલ રમેશભાઈ શકરાભાઈ - ડિંગુચા
પટેલ રવીન્દ્ર વિષ્ણુભાઈ - જાસલપુર
પટેલ ઋષભ શૈલેષભાઈ - વિસલપુર
ચોક્સી સહદેવ બળદેવભાઈ - જોરણંગ
પટેલ સંજયકુમાર મહેન્દ્રભાઈ - પલિયડ
પટેલ સંજય મનુભાઈ - ઘુમાસણ
પટેલ સેવંતીભાઈ વેણીદાસ - સાંગણપુર
પટેલ શૈલેષભાઈ ઈશ્વરભાઈ - નારદીપુર
પટેલ શૈલેષ પ્રભુદાસ - કલોલ
પટેલ શકરીબેન સોમાભાઈ - ઘુમાસણ
પટેલ શારદાબેન જયંતીલાલ - ડિંગુચા
પટેલ સોનલબેન યશવંતભાઈ - ધનાલી
ચોક્સી સુજલ કનુભાઈ - જોરણંગ
પટેલ સુનીલ જગદીશભાઈ - બોરીસણા
પટેલ સુરેશ પુરુષોત્તમદાસ - ડિંગુચા
પટેલ ઉત્તમ વિષ્ણુભાઈ - નારદીપુર
પટેલ વિનોદભાઈ જયંતીલાલ - કૈયલ
પટેલ વિષ્ણુભાઈ હરજીવનદાસ - જાસલપુર
પટેલ વિષ્ણુભાઈ ચીમનલાલ કૈયલ
પટેલ યશવંતભાઈ ભીખાભાઈ કોઠા

FLORA AKSHAR CITY

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**







FLORA PALMS

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**

FLORA 11

સાઈટ : ફ્લોરા ૧૧, રવાપર રોડ,
ફ્લોરા ૧૫૮ ની પાસે, મોરબી - ૩૬૩૬૪૧

Contact : **99252 48651, 98250 30271**




**સ્થાપક શ્રી કિશોરભાઈ વિરમગામાના સાહસ, પુરુષાર્થ અને એકમેવ લગનથી સાકાર થયેલ એક સ્વપ્ન જેણે ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે.**

**સુંદરતમ પ્રોજેક્ટ્સ જે ગુણવત્તાની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠતમ હોય પરંતુ કલાત્મકતાના પણ નવા માપદંડ સ્થાપિત કરે તે ફ્લોરા ગ્રુપની પહેચાન છે. ફ્લોરા ગ્રુપના પ્રોજેક્ટ્સ ત્યાં વસનારા લોકો માટે આજીવન આનંદ અને પરમ સંતોષનું કારણ બન્યું છે અને એટલે જ આટલા વર્ષોની અડીખમ ઓળખ, પ્રત્યેક પ્રોજેક્ટ સાથે વધુ મજબૂત બની છે.**



શ્રી કિશોરભાઈ વિરમગામા

વિશ્વાસ અને
ગુણવત્તાના પાયા પર
**રચાયેલી અડીખમ
ઓળખ...**

FLORA FARMS

Site : Flora Farms, B/H. Sanala Village,
Rajkot - Morbi Highway, Sanala, Morbi

Contact : **99252 48651, 98250 30271**







FLORA IRIS

એડ્રેસ : ફ્લોરા આઈરીસ, સાનિધ્ય બંગ્લોઝની સામે,
ફ્લોરા એકઝોરા રોડ, સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮

Contact : **95795 22222 , 95125 12222**

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – કડી

મુ. કડી, તા. કડી, જિ. મહેસાણા, ફોન નં. (૦૨૭૬૪) ૨૪૨૦૨૧, ૨૩૨૨૩૮

સ્થાપના સને ૧૯૫૫-૫૬

## સરદાર પટેલ કોટન સબ માર્કેટ યાર્ડ કડી – કલોલ રોડ, બુડાસણ





બજાર સમિતિ કડી દ્વારા નીચે મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

(૧) કડી તાલુકાના દર્દીઓને રાહત દરે એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે.

(૨) બજાર સમિતિ કડીમાં માલ લઈ આવતા ખેડૂતભાઈઓને સસ્તા દરે પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

(૩) કડી તાલુકાની શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને દર વર્ષે એક ડઝન ચોપડા રાહત દરે આપવામાં આવે છે. આજ દિન સુધી આ યોજનામાં **૩,૨૩,૦૦૦** ડઝન ચોપડા આપવામાં આવેલ છે. જેમાં **૨,૫૦,૦૦,૦૦૦**ની સબસિડી આપવામાં આવેલ છે.

(૪) કડી શહેર તેમજ બહારથી આવતા તમામ નાગરિકોને પીવાનું ઠંડું પાણી મળે રહે તે હેતુથી કડી શહેરમાં ઠંડા પાણીના કૂલર તેમજ ઠંડા પાણીના જગ મૂકવામાં આવે છે.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

**પટેલ નીતિનભાઈ રતિલાલ**
(પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

**રાજેન્દ્રકુમાર જી. પટેલ**
ચેરમેન

**બળદેવભાઈ એ. પટેલ**
વાઈસ ચેરમેન

ખમાર હિમાંશુભાઈ બંસીભાઈ
પટેલ રશ્મિનભાઈ સેંધાભાઈ
પટેલ જીવણભાઈ બેચરદાસ
પટેલ રમેશભાઈ બચુભાઈ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણા

પટેલ વિનોદભાઈ રણછોડદાસ
પટેલ અરવિંદભાઈ વિઠ્ઠલદાસ
પટેલ ભોગીલાલ હરજીવનદાસ
પટેલ અંબાલાલ પીતાંબરદાસ
જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મહેસાણા

પટેલ ભરતભાઈ ભુદરદાસ
મહેશ્વરી મનોજભાઈ પરસોત્તમદાસ
પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ
પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદદાસ
(પ્રતિનિધિશ્રી નગરપાલિકા કડી)



**કમલેશકુમાર એલ. ત્રિવેદી**
ઈન્ચા. સેક્રેટરી

# અવતરણ





મા ઉમિયાનાં મંદિરોનું યોગદાન અનેરું છે. પાટીદારો માટે મને સૌજન્યભાવ છે. તેમનામાં ઉમદા સમાજસેવકો છે, દીર્ઘદૃષ્ટિ સંપન્ન કેળવણીકારો છે, ગુજરાતની સિદ્ધિ-પ્રસિદ્ધ ગાથામાં એક નવું પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે. ડુંગરા ડોલાવી નાખવા જેવું ભગીરથ કામ હાથ પર લીધું છે.

**આર. પી. પટેલ** (પ્રમુખ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન)



વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ઊગતા સૂરજની જેમ પૂજાઈ રહ્યું છે અને બીજના ચંદ્રની જેમ તેની કળાઓ વિસ્તરતી જાય છે. પૂર્વ દિશામાં એક દિવસ એવો ઊગશે કે ગુજરાતમાં સૂર્યનું પહેલું કિરણ મંદિરની ધજા અને શિખરને સ્પર્શ કર્યા પછી જ બીજે અજવાળાં પાથરશે.

**પ્રહ્‌લાદભાઈ કામેશ્વર** (ઉપપ્રમુખ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન)



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને પાટીદારોના સુરક્ષા કવચ અને આરોગ્ય ક્ષેત્રે સુદૃઢ બનાવવાની દિશામાં મહાકાય પહેલ કરી છે. ઉમિયાધામમાં મા ઉમિયાના મંદિરમાં પ્રવેશતાં જ તમારા વિચારો બદલાઈ જશે અને વિચારો બદલાતા તમારું વિશ્વ પણ બદલાઈ જશે. મા ઉમિયાની કૃપાથી તમારું આખું જીવન જ બદલાઈ જશે.

**કાંતિભાઈ રામ** (ખજાનચી, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન)




પાટીદારોના હૃદયસમા અમદાવાદમાં એસ.જી. હાઈવે ઉપર વિશ્વ ઉમિયાધામ મા ઉમિયાની અસીમ કૃપાનું ફળ છે. પાટીદારોના પુણ્યના સૂર્યોદય સમાન મહાભૂમિપૂજન - શિલાન્યાસ અને મંદિર નિર્માણના આપ સાક્ષી બનીને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનને ઉપકૃત કર્યું છે. આપને સત્કારવા અને વધાવવા એ મારી પ્રસન્નતા છે.

**દીપકભાઈ પટેલ** (ઉપપ્રમુખ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન)



આપણને પાટીદાર કુળ મળ્યું છે તે જ મા ઉમિયાનું વરદાન છે. માનો ખોળો આકાશ જેટલો વિશાળ છે. તેની છાયામાં આપણે સૌ સલામત છીએ. શ્રી ઉમિયા નવશક્તિધામ - કંટકી એ માતા ઉમિયાના હસ્તાક્ષર સમજજો.

**ચેતનભાઈ પટેલ,** (કંટકી - યુએસએ)



ધર્મ કરતાં કર્મ ચઢિયાતું છે, કારણ કે ધર્મ કરીને ભગવાન પાસે માગવું પડે છે, જ્યારે કર્મ કરીએ એટલે ફળ ભગવાને આપવું પડે છે. કોઈ માણસ નવું કર્મ કરે ત્યારે લોકો એને ગાંડો માને છે - પાગલ માને છે, પણ હકીકતે એ ગાંડા ઇતિહાસ રચે છે અને ડાહ્યા વાંચે છે.

**જે. પી. પટેલ** (કંટકી - યુએસએ)



સરખેજ-ગાંધીનગર હાઈવે હવે ફક્ત 'રાજપથ' નથી, પણ જ્ઞાનપથ, અધ્યાત્મપથ, આનંદપથ, ન્યાયપથ અને ઉત્સવ ઉજવી પથ છે... અને હવે મા ઉમિયાના આશીર્વાદ સાથે ધર્મ અને સમાજ વિકાસનો સાદ થયો, ત્યાં તો આપણને પ્રાપ્ત થયું વિશ્વ ઉમિયાધામ - જાસપુર. આવતી કાલની પર્યટન બસો અહીં થોભીને પ્રવાસીઓને કહેશે - આ બૃહદ અમદાવાદનું - ગુજરાતનું - ભારતનું, અરે! વિશ્વનું નવમી અજાયબી સમું ગૌરવવંતુ દર્શનીય મા ઉમિયાનું તીર્થક્ષેત્ર છે.

**વાડીભાઈ પટેલ** (ઉપપ્રમુખ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન)



માતાપિતા નોકરી-ધંધામાં ગળાડૂબ રહેતા હોવાથી ઘરમાં બાળકો એકલાયાં રહે છે ને જાણે-અજાણે પોર્ન તરફ વળી જતાં હોય છે. મા-બાપને જ્યારે ખબર પડે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. દરેક પરિવારને સમયસર ચેતી જવાની જરૂર છે. આ અત્યંત ગંભીર સામાજિક સમસ્યાના ઉપચારાત્મક નિદાનમાં શિક્ષણ ખૂબ મોટી ભૂમિકા ભજવી શકશે.

**સાકળચંદ પટેલ** (ચેરમેન, ઉમા લગ્ન સંસ્કાર કમિટી)



માતા છે ગુજરાતની ધરતી, વનની એ માટી છે. એ માટીમાં ફૂલ છે મારાં, ભાષા મારી ગુજરાતી છે. આપણે એને સાચવી જાણીએ, આપણને સાચવશે એ. ધૂળ નથી છે કુળ આપણું, ભાષા મારી ગુજરાતી છે.

**દિનેશભાઈ પટેલ** (ડેની) યૂથ ચેરમેન - યુ.એસ



અમેરિકામાં પાટીદારોમાં મા ઉમિયાના મંદિર નિર્માણથી શ્રદ્ધા, વિશ્વાસ અને ધર્મની નવી સવાર ઊગી છે. કહ્યું છે ને કે, ધરમ રહેશે તો રહેશે ધરા. મા ઉમિયાની મહેર નિરંતર વરસતી રહો. એ દિવસ હવે દૂર નથી, જ્યારે પાટીદારો જ નહીં, સમગ્ર દુનિયા કહેશે મા ઉમિયા તો જગત જનની છે - લોકકલ્યાણી દેવી છે.

**વી. પી. પટેલ,** (ઉપપ્રમુખ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન)



રીચમોન્ડ - કંટકીમાં શ્રી ઉમિયા નવશક્તિધામ એટલે અમેરિકામાં એક યાદગાર ડેસ્ટિનેશન સ્પોટ છે. અહીં ધર્મ અને શ્રદ્ધાની મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિઓ માણવા મળશે. અમેરિકામાં તમામ કડવા પાટીદારો માટે વગર દસ્તાવેજવાળું ઘર. અહીં મા ઉમિયા તમને અદૃશ્ય રહી લાખો શ્વાસ દાનમાં દઈ દેશે.

**અજિતભાઈ પટેલ,** (પૂર્વ પ્રમુખ, (મેકન મંદિર, યુએસએ)

# મધ્ય પ્રદેશમાં વસતા પાટીદારોનું ઇન્દોરના વિશ્વ ઉમિયાધામ ખાતે સ્નેહમિલન યોજાયું

**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એમ.પી.ના પર જિલ્લાના પાટીદારોનું સંગઠન બનાવશે**

રવિવાર તા. ૧૬ એપ્રિલના રોજ મધ્ય પ્રદેશના ઇન્દોરમાં વિશ્વ ઉમિયાધામ દ્વારા મધ્ય પ્રદેશમાં વસતા પાટીદારોના સ્નેહમિલનમાં વિશ્વ ઉમિયાધામના પ્રમુખ **શ્રી આર. પી. પટેલ**, કેન્દ્રીય સંગઠનના ચેરમેન **શ્રી ડી. એન. ગોલ**, ઉપપ્રમુખ **શ્રી દીપકભાઈ** અને પ્રકાશન કમિટીના ચેરમેન **અનિલભાઈ** ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી મનોહર પાટીદાર સહિત મુખ્ય ટ્રસ્ટીઓ જોડાયા હતા.

પાટીદાર સમાજના ૫૦૦થી વધારે સભ્યો - આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્નેહમિલનમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાથે મધ્ય પ્રદેશના હજારો પાટીદારો જોડાશે તેવી જાહેરાત થઈ હતી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ **આર. પી. પટેલે તેમના ધારદાર પ્રવચનમાં વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મંદિરની માહિતી સાથે પાટીદાર સંગઠનનો હેતુ સમજાવ્યો હતો.** તેમણે જણાવ્યું હતું કે ગુજરાતની જેમ મધ્ય પ્રદેશમાં પણ રાજ્યસ્તરીય, જિલ્લા સ્તરીય તેમજ તાલુકા અને ગ્રામીણ સ્તરે પ્રવૃત્તિ કરતું વિશ્વ ઉમિયાધામનું સંગઠન કરવામાં આવશે. આ સ્નેહમિલનના પ્રતિભાવના કેટલાક અંશો...



आज इन्दोर में आयोजित स्नेह मिलन समारोह में पधारे विश्व उमियाधाम फाउन्डेशन, अहमदाबाद के सभी अतिथि समाज सेवियो एवं मध्य प्रदेश के विभिन्न जिलों से आएं हुए समाज सेवियों को सादर नमन... इस कार्यक्रम में आदरणीय आर. पी. पटेल साहब और डी. एन. गोल साहब का आशीर्वचन स्वरूप जो प्रेरणा संदेश था वो वाकई में समाज के प्रतिएक व्यक्तियों के लिए अमल करने योग्य है, विशिष्ट व्यक्तित्व के धनी आदरणीय आर. पी. पटेल साहब के आज के वक्तव्य ने यहां उपस्थित सभी समाज जनों को ऊर्जा और उत्साह से सराबोर कर दिया, इससे समाज को निश्चित ही नई दिशा मिलेगी और समाज में मजबूत, सशक्त और कर्म प्रधान समाज सेवकों का तेजी से निर्माण होगा ऐसी उम्मीद है ।

**संतोष होलीवाले**

सरदार पटेल युवा संगठन इंदौर महानगर



आपके विचार आपके कार्य आपकी दूरदर्शिता से हम अभिभूत है। वह विचार जो आपने हमारे साथे साझा किए, आपका वह अमूल्य समय, जो आपने मध्य प्रदेश के समाज जनों को दिया बहुत महत्त्वपूर्ण और अतुलनीय है। हम आपको बारम्बार धन्यवाद करते है और इनके लिए प्रति पल हृदय से आपका आभार व्यक्त करते है और आपसे सदेव मार्गदर्शन की आकांक्षा रखते है।

**हुकमचंद पाटीदार**



कल के हमारे पाटीदार समाज इंदौर नगर के विश्व उमिया फाउन्डेशन कार्यक्रम स्नेह मिलन समारोह में काफी सीखने को मिला की मध्य प्रदेश में हमे समाज को और मजबूत बनाने के लिए बहु महेनत की जरूरत है। मुझे उम्मीद है कल के कार्यक्रम जितने हमारे वरिष्ट - युवा समाज साथी - मातृशक्ति थी, वह सब इस समाज को मजबूत बनाने में जरूर मेहनत करेंगे और समाज को एक नई दिशा देंगे, जिससे समाज की एकता का संदेश पूरे विश्व में गूंजे। कल के इस कार्यक्रम के लिए मनोहरजी पाटीदार को बहुत बहुत धन्यवाद की आपने गुजरात की समाज की ताकात को मध्य प्रदेश के मंच पर लाकर एकता का परिचय दिलवाया।

**सुनील पाटीदार**

अध्यक्ष, सरदार पटेल युवा संगठन, देवास जिला

उमिया माता की जय... उमिया माता का शक्ति केन्द्र की स्थापना के लिए तत्पर, विश्व पाटीदार के एकीकरण का अतुलनीय कार्य करने के लिए प्रयासरत विश्व उमियाधाम संगठन को साधुवाद... सभी आदरणीय वक्ताओं का प्रेणादायक उद्बोधन से नवीन ऊर्जा का संचार हुआ, समाज सेवा में समर्पण की भावना जागृत हुई। समाज सेवा के दायित्व को सहिष्णुता, सहकार, सामंजस्य, प्रेम के साथ निभाने के लिए मध्य प्रदेश एवम पाटीदार समाज इंदौर महानगर की टीम हर वक्त तैयार रहेगी।



**दुर्गा मनीष पाटीदार**

अध्यक्ष, पाटीदार समाज इंदौर महानगर महिला संगठन

मनोहर सर ने तमाम विरोधो को दरकिनार करते हुए केवल और केवल सम्मेलन से समाज के लोगों के हित को ध्यान में रखा और इस आयोजन को सफलतापूर्वक संपन्न करवाया। आ आयोजन में पाटीदार समाज इंदौर महानगर की टीम ने पूरे तन, मन और धन से सहयोग किया है। आप विश्व उमिया फाउन्डेशन से पधारे सभी पदाधिकारियों ने जो मार्गदर्शन दिया, जो जोश मध्य प्रदेश के पाटीदार समाज के लोगों में पैदा किया है, उसके लिए आपका दिल से आभार व्यक्त करते है।



**बालमुकुंद पाटीदार**





# વિશ્વ ઉમિયાધામ સંચાલિત મા ઉમિયાના દિવ્ય રથનું પરિભ્રમણ

વિશ્વ ઉમિયાધામ - જાસપુર સંસ્થાના ઉપક્રમે ઉમિયા માતાજીની અનેકવિધ પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવે છે, જેવી કે ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી ૫૦૪ ફૂટ ઊંચું મંદિર ૧૦૦ વીઘા જીનમાં મંદિર પરિસર સાથે આરોગ્ય, શિક્ષણ, કૃષિ, એન.આર.આઇ., યુવા અને મહિલાને લગતી પ્રવૃત્તિઓ આ સંસ્થામાં થવા જઈ રહી છે. આ મંદિર પરિસરમાં ભાવિક ભક્તોને માતાજીનાં દર્શન, ભોજનપ્રસાદ તેમજ અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. **અનેક પ્રકારની કમિટીઓ અલગ અલગ પ્રવૃત્તિઓ કરી રહી છે.**

આ સંસ્થાની કરોડરજ્જુ સમાન પ્રવૃત્તિ એટલે કે સમાજનું સિસ્ટમેટિક સંગઠન હોવું તે છે. સંગઠનને મજબૂત બનાવવા સંસ્થાએ એક રથનું પરિભ્રમણ કરવાનું નક્કી કરેલ. આ રથ એટલે દેવીશક્તિરૂપ દિવ્ય રથ. માનો આ રથ તા. ૧૦-૧૦-૨૦૧૮થી શુભારંભ ઉમિયા માતાજી મંદિર, ઊંઝાથી કરવામાં આવેલ. ઊંઝાથી જ્યોત લઈ મા ઉમિયાના રથનું પરિભ્રમણ અમદાવાદ પશ્ચિમ તથા પૂર્વ વિસ્તારમાં ભવ્યાતિભવ્ય શોભાયાત્રાઓ અને મહાપ્રસાદ સાથે ભવ્ય લોકડાયરા, સુશોભન, રંગોળી અને રોશનીથી ઝળહળતા અમદાવાદ શહેરે ખૂબ જ મોટું ભંડોળ માતાજીનાં ચરણોમાં ધરી દીધેલ. આ રથનું પરિભ્રમણ અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, ખેડા, આણંદ, સુરત શહેર અને સુરત જિલ્લાના તમામ તાલુકામાં હાલ રથનું પરિભ્રમણ ચાલુ છે. **આ દિવ્ય અને ભવ્ય રથમાં બિરાજમાન થઈ આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતનું પરિભ્રમણ પૂરું કરશે.**

આ રથની ફળશ્રુતિ રૂપ કોઈ ચીજ હોય તો એ છે કે સમાજમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની અનેકવિધ પ્રવૃત્તિઓ અને સમાજમાં નવનિર્માણ - નવચેતના જગાડવાનો મહત્ત્વનો ભાગ આ રથના માધ્યમથી બન્યો છે. સાથે સાથે વિશ્વના પાટીદારો એક મંચ પર ભેગા કરવાનું કાર્ય તો ખૂબ જ સરળ બની ગયું એટલું જ નહીં, પરંતુ **મા જગતજનની ઉમા - મહેશ્વરી, શંકર-પાર્વતી, ઉમિયા-શંકર શક્તિ સ્વરૂપની આસ્થા જગતભરમાં ઉજાગર કરવા તમામ સનાતન ધર્મના લોકો માનતા થયા છે. તે પણ સમાજમાં નવી ચેતનારૂપ પરિવર્તન દેખાઈ રહ્યું છે.**

કોઈ પણ ક્રાંતિ ધર્મના બળથી જ થતી હોય છે. આ હિન્દુ **સંસ્કાર અને સંસ્કૃતિનું રક્ષણ કરનાર** અધ્યાત્મશક્તિ **અન્ન તથા ધનની દેવી છે. લક્ષ્મી-સરસ્વતી અને મહાકાળીનું સ્વરૂપ છે.** ■



**પ્રવીણભાઈ પટેલ,**
(કો-ચેરમેન સંગઠન)

**ડી. એન. ગોલ,** (ચેરમેન, સંગઠન)

રૂબરૂ મુલાકાત ડૉ. પ્રભુદાસ પટેલ
(તંત્રી)

# એક નીડર મહિલા લીડર બન્યાં!



**ગુજરાતની સ્થાપના (૧૯૬૦) થયા પછી આપ પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યાં હતાં. આપનો શો પ્રતિભાવ છે?**

૨૦૧૪ની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા હતા ત્યારે તેઓના માર્ગદર્શનમાં પાર્ટીએ **ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે મારી પસંદગી કરી તે મારા માટે અત્યંત ગર્વ અને ખુશીના સમાચાર હતા.** સાથે સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલ વિકાસના માર્ગ પર આગળ વધવાની સવિશેષ જવાબદારી પણ હતી. તેમના નિર્ણય પર ખરા ઉતરવાની ચેલેન્જ પણ હતી. ગુજરાતને દેશનું વિકાસ મોડલ બનાવી જનનાયક બની ચૂકેલા નેતાનું સ્થાન લઈ જનતાની કસોટી પર પાર ઊતરવું કોઈ નાની ચેલેન્જ ન હતી, **પરંતુ આજે પણ મને જ્યારે લોકો મળે છે ત્યારે એ સમયના મારા નિર્ણયો, વહીવટી પકડ વગેરે વિશે વાત કરે છે ત્યારે ખરેખર સંતોષ થાય છે.**

**અનેક સદ્‌ગુણો ભેગા મળે ત્યારે એક ચારિત્ર્યનું નિર્માણ થતું હોય છે. શિક્ષક કભી સાધારણ નહીં હોતા એ ચાણક્યની ઉક્તિ જેમણે સાર્થક કરી તે ગુણવંતી ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને અત્યારે ભારતના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશનાં મહામહિમ ગવર્નર શ્રીમતી આનંદીબહેન પટેલ સાથે 'ઉમા સૃષ્ટિ'ના 'બહુરત્ના વસુંધરા' વિભાગ માટે રૂબરૂ મુલાકાતના કેટલાક અંશો**

**આપ મૂળ શિક્ષકનો જીવ. આપ અમદાવાદની જાણીતી મોહિનાબા વિદ્યાલયના આચાર્ય હતાં. એક કાબેલ અને વિદ્વાન આચાર્યનો અનુભવ રાજકારણમાં કેટલો કામ લાગ્યો?**

મોહિનાબા હાઈસ્કૂલમાં પહેલા શિક્ષક અને પછી આચાર્યા તરીકેનો મારો ૩૦ વર્ષથી વધુનો અનુભવ સમાજને સમજવામાં મને ખૂબ ઉપયોગી થયો. દીકરીઓની સમસ્યાઓ, સમાજની દીકરી પ્રત્યેની દૃષ્ટિ તેમજ શિક્ષણ અને શિક્ષકની મૂળભૂત સમસ્યાઓ જાણવા માટે પણ આ સમય ખૂબ કામ લાગ્યો. **આ તમામ બાબતોએ મને રાજનીતિને એક અલગ દૃષ્ટિથી જોતા શીખવ્યું.**

**આપ ગુજરાત સરકારમાં શરૂઆતમાં કેબિનેટ મંત્રી અને ત્યાર બાદ (૨૦૧૪) અચાનક મુખ્યમંત્રી બની ગયાં. શું કારણ હતું? આપ મુખ્યમંત્રીની રેસમાં તો હતાં જ નહીં.**

હું ૧૯૯૮થી ૨૦૧૪ સુધી સરકારમાં શિક્ષણ, મહેસૂલ, માર્ગ અને મકાન, મહિલા અને બાળ કલ્યાણ, શહેરી વિકાસ જેવા ખૂબ જ અગત્યના વિભાગોની મંત્રી રહી. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ મે, ૨૦૧૪ના રોજ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોની બેઠકમાં **મારા નામની મુખ્યમંત્રીપદ માટે જાહેરાત કરી ત્યારે પ્રવચનમાં ખૂબ સ્પષ્ટતાપૂર્વક જણાવેલ કે**

**મારી પસંદગી મુખ્યમંત્રીપદ માટે કેમ કરી.** ત્યારે તેઓએ કહેલું કે ૧૯૯૮માં જ્યારે ગુજરાતમાં ભાજપાની સરકાર બની ત્યાર બાદ ૧૦ વર્ષ સુધી જ્યારે જ્યારે ચૂંટણીઓ કે અન્ય કાર્યક્રમમાં સરકારની ૧૦ સિદ્ધિઓ ગણાવવામાં આવતી, ત્યારે સાતથી આઠ સિદ્ધિ શિક્ષણ વિભાગની રહેતી. તેમજ આઝાદી પછી મહેસૂલ વિભાગમાં **ભાગ્યે જ કોઈ રાજ્યના મહેસૂલમંત્રીએ મહેસૂલી કાયદાઓમાં આટલા સુધારા અને સરળીકરણનું કામ કર્યું હશે, જેટલું આનંદીબેન પટેલે મહેસૂલ મંત્રી તરીકે કર્યું છે.**

હવે રહી વાત રેસમાં હોવાની, એમાં હું સ્પષ્ટ કરું કે મેં રાજકારણમાં પ્રવેશ કર્યાથી લઈ આજ દિન સુધી કોઈ પદ માટે દાવેદારી કરી નથી કે નથી કોઈ પદની માગણી કરી. **ભાજપ અને તેના કુશળ નેતૃત્વએ જે જવાબદારી સોંપી એ પૂર્ણ મહેનત અને લગનથી નિભાવી છે.**

**સી.એમ. તરીકેની ટૂંકી પણ યશસ્વી કારકિર્દી હતી. પાટીદાર આંદોલનના કારણે આપે રાજીનામું આપ્યું. તેનો કોઈ વસવસો છે?**

મેં ક્યારેય કોઈ પદ માટે કામ કર્યું નથી કે ક્યારેય કોઈ પદની અપેક્ષા રાખી નથી. તેથી **પદ છોડવાનો મને ક્યારેય વસવસો થયો નથી. પરંતુ એ વાતનો રંજ જરૂર છે કે જે માગ માટે આંદોલન ઊભું કરવામાં આવેલ, જે મળવાની બંધારણ અને કાયદાકીય રીતે કોઈ શક્યતા ન હતી.** તેમ છતાં આટલા ભણેલા-ગણેલા સમાજે પણ જે રીતે કોઈ વિચાર કર્યા વિના જે પરિસ્થિતિ ઊભી કરેલી તે ખૂબ જ દુઃખદાયક હતું. આજે પણ હું કહું છું કે સમાજે શું મેળવ્યું? મને એ વાતનો સંતોષ છે કે મેં મારી ખુરશી બચાવવા કે **સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે આંદોલન સમયે પાટીદાર સમાજને કોઈ ખોટાં વચનો ના આપ્યાં** અને અન્ય સમાજને પણ ભરોસો આપ્યો, જેના કારણે પાટીદાર સમાજને રાજકીય નુકસાનની સાથે સાથે અન્ય સમાજો સાથે ઘર્ષણની પરિસ્થિતિ ઊભી ના થવા દીધી. શિક્ષણ સહાય માટેની યુવા સ્વાવલંબન યોજના, ટોલ ટેક્સમાંથી મુક્તિ, **દીકરીઓને મફત તબીબી શિક્ષણ જેવી અનેક લોકહિતની યોજનાઓ મૂકી, જેને આજે પણ સૌ યાદ કરે છે.**



આદરણીય આનંદી બહેન એટલે યશસ્વી–તેજસ્વી–રાજસ્વી અને એક યશોજ્જવલા નારી શક્તિથી છલોછલ ભરેલું લીલુંછમ વ્યક્તિત્વ

**આપે ધાર્યું નહોતું, ઈચ્છ્યું પણ નહોતું અને એક આચાર્યપદેથી રાજકારણમાં પ્રવેશ - શું ટર્નિંગ પોઈન્ટ હતો?**

એ વાત સાચી છે કે મેં ક્યારેય રાજકારણમાં આવવાની ઈચ્છા રાખી નહોતી કે ક્યારેય ધાર્યું પણ ન હતું, પરંતુ નર્મદા નદીમાં જ્યાં આજે સરદાર સરોવર ડેમ બન્યો છે ત્યાં મોહિનાબા હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓને પ્રવાસમાં લઈને ગયેલા અને બે દીકરીઓને ડૂબતી બચાવવા માટે મેં જીવના જોખમે જે સાહસ કર્યું તે પ્રસંગ સમાચારપત્રોમાં ખૂબ સારી રીતે પ્રકાશિત થયો હતો. **જેના કારણે શ્રી નરેન્દ્રભાઈએ એક જાણીતી શિક્ષિત અને સાહસિક મહિલા તરીકે મને સમાજકાર્યો માટે રાજનીતિમાં જોડાવા માટે આગ્રહ કર્યો અને આજે હું અહીં સુધી પહોંચી છું.**

**ગુજરાતમાં અમદાવાદમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૧૦૦ વીઘા જમીનમાં રૂ. ૧૦૦૦ કરોડના પ્રોજેક્ટ અંતર્ગત વિશ્વમાં સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) શક્તિમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, આપ શું કહેશો?**

**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૧૦૦ વીઘા જમીનમાં રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચે સૌથી ઊંચા શક્તિમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે તે ખૂબ જ ગર્વની વાત છે.** સૌ સમાજના આગેવાનો અને દાતાઓને હું એ માટે અભિનંદન આપું છું. દીકરી હોય કે દીકરો - આર્થિક કારણથી તેનું ભણતર પ્રભાવિત ન થાય તે માટે વિદ્યામંદિર જેવું કોઈ આયોજન કરવું જોઈએ તેમજ **વ્યસનથી પ્રભાવિત થઈ રહેલા યુવાધનને જાગૃતિ લાવી તેનાથી દૂર રહે તે માટે પ્રયત્નો કરવા જોઈએ.**

